*This Question Paper contains 8 printed pages.*
***(Sections - A, B, C & D)***

Sl.No. 024123

# 13 (G)

**(MAY, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 80***

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.

2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 33 પ્રશ્નો છે.

3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.

6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ – A [20]

### (ગદ્ય વિભાગ)

1) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. [3]

| 'અ' (કૃતિ) | 'બ' (પ્રકાર) |
|---|---|
| 1) ટિફિન | (અ) એકાંકી |
| 2) ઝબક જ્યોત | (બ) પ્રસંગ કથા |
| 3) સામગ્રી તો સમાજની છે ને? | (ક) રેખાચિત્ર |
| | (ડ) લઘુકથા |

2) **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

1) ટિકિટ માટે ભદ્રં ભદ્ર ............ શબ્દ પ્રયોજે છે.

(નિમંત્રણ કાર્ડ, કંકોતરી, મૂલ્ય પત્રિકા)

2) બલાઈને સૌથી વધુ આકર્ષણ ........... નું હતું.

(દેવદાર, શીમળો, ગુલમહોર)

3) **નીચનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

1) રાષ્ટ્રધ્વજ ચઢાવતા દીપકે પોતાનું માથુ વધેર્યું.

2) જેઠીબાઈ અને તેમના પતિ હીરા ઉદ્યોગનું કારખાનું ચલાવતા હતાં.

4) **નીચે આપેલા પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો.** **[3]**

1) ઉદ્યોગ ધંધા અને ટેક્નોલોજીની દષ્ટિએ કયો દેશ આગળ વધેલો છે?

2) 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને શેની માવજત માટે જાગૃત કરે છે?

3) 'ટિફિન' કૃતિમાં 'કાળવી' અને 'ગોરવી' શબ્દો કોના માટે પ્રયોજવામાં આવ્યાં છે?

5) **નીચે આપેલા પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે બે)** **[4]**

1) પોર્ટુગીઝ ઓફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા?

2) મજૂરો જે દિવસે ઘાસ કાપવા આવતા એ બલાઈનો સૌથી વધુ દુ:ખનો દિવસ શા માટે ગણાતો હતો?

3) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છોડનાર માટે શું કર્યું?

6) **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

1) રમઝુ મીરનું શબ્દ-ચિત્ર આલેખો.

2) 'ઝબક જ્યોત' - શીર્ષકની યથાર્થતા ચર્ચો.

3) 'પ્રયાણ' નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજના ચિત્રો વર્ણવો.

## વિભાગ – B [20]

### (પદ્ય વિભાગ)

7) **નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (કર્તા) |
|---|---|
| 1) મોરલી | (અ) સ્નેહી પરમાર |
| 2) જીવમાં જીવ આવ્યો | (બ) પન્ના નાયક |
| 3) તે બેસે અહીં | (ક) મીરાંબાઈ |
| | (ડ) હરિકૃષ્ણ પાઠક |

8) **નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [2]

1) વૃંદાવનના માર્ગે વ્હાલો ............. માંગે છે.
(દૂધ, દહીં, દાણ)

2) કવિ ........... નો દીપક કદી ન ઓલવાય એમ ઈચ્છે છે?
(અંધશ્રદ્ધા, શ્રદ્ધાનો, નિરાશાનો)

9) **નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** [2]

1) હાથથી આપેલ દાનને ઉત્તમ દાન માનવામાં આવે છે.

2) હાઈકુ જાપાનીઝ કાવ્ય પ્રકાર છે.

10) **નીચે આપેલા પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર લખો.** [3]

1) કેવો માણસ કદી ફૂલાતો નથી?

2) 'ક્યાં રે વાગી' કાવ્યમાં મોરલીનાં રાગને કેવો કહ્યો છે?

3) જિંદગીની આગને શેમાં ફેરવી નાંખવા કવિએ વાત કરી છે?

**11) નીચે આપેલા પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **[4]**

1) મોરલીના સાદની ગોપીઓના મન પર કેવી અસર થાય છે તે વર્ણવો.

2) કવિ પોતાનાં ચરણોને વણ થાક્યાં કેમ કહે છે?

3) કવિએ સભામાં બેસવા માટેની કઈ કઈ લાયકાત ગણાવી છે?

**12) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે)** **[6]**

1) 'જીવન અંજલિ થાજો' - શીર્ષકની યથાર્થતા ચર્ચો.

2) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરો.

3) પ્રથમ વરસાદ થયા પછીની નવચેતનાને તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ – C **[16]**

### (વ્યાકરણ વિભાગ)

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)**

**13)** નીચેનામાંથી કયો શબ્દ 'ઉદધિ' શબ્દનો સમાનાર્થી છે? **[1]**

(A) ઉત્સાહ

(B) સાગર

(C) ઊંડુ

**14)** નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? **[1]**

(A) ઈશારો - સંકેત

(B) રુધિર - રક્ત

(C) ધ્વનિ - યાદ

**15)** 'મુક્તિ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. **[1]**

(A) આઝાદી

(B) સ્વતંત્ર

(C) બંધન

16) નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે. તેમાં કયું જોડકું ઉચિત નથી? [1]

(A) કુદરતી × કૃત્રિમ

(B) હરખ × આનંદ

(C) ભીતર × બહાર

17) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) દીશા સૂન્ય

(B) દીશા શૂન્ય

(C) દિશા શૂન્ય

18) મોટાભાઈ .........નાં અભ્યાસ અર્થે વિલાયત ગયા. [1]

(A) એન્જિનીયરીંગ

(B) એન્જીનિયરીંગ

(C) એન્જિનિયરિંગ

19) નીચેનામાંથી 'પર્યટન' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) પરિ + અટન

(B) પર્ય + ટન

(C) પર્યટ + અન

20) નીચેનામાંથી કયો સમાસ દ્વિગુ છે? [1]

(A) માલ – મિલકત

(B) સિંહાસન

(C) ષટ્કોણ

21) 'ધૂળમાં મળી જવું' - રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

22) 'ભેંસ આગળ ભાગવત' - કહેવતનો અર્થ લખો. [1]

23) 'રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું.' - કર્તરિવાક્ય બનાવો. [1]

24) બાપુ વાવટો ઉતારી લે છે. - પ્રેરકવાક્ય બનાવો. [1]

25) 'ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારું મોઢું <u>સુંદર</u> લાગે છે.' - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

26) નીચેનામાંથી વિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) ઉજ્જડ

(B) સાંકડું

(C) ખાલી

27) તો આ રોટલાનું વૈતરું શું કામ - યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો. [1]

28) વાક્યના અંતે ક્યું વિરામચિહ્ન ન મૂકી શકાય? [1]

(A) અલ્પવિરામ

(B) પૂર્ણ વિરામ

(C) પ્રશ્નાર્થ ચિહ્ન

## વિભાગ – D [24]

### (અર્થગ્રહણ/લેખન સજ્જતા)

29) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

'ઝાડ ઉપર સરસ ફળ ઊગેલાં જોઈ લોભી માણસ એ ફળ તોડે છે. ઉપર ચડવાનું શક્ય ન હોય અથવા એટલી મહેનત પણ કરવી ન હોય, તો ફળ તરફ તાકીને લોભી માણસ પથ્થર ફેંકે છે. વૃક્ષ આવા માણસ ઉપર પણ ક્રોધ કર્યા વગર એને પોતાનું ફળ આપી છૂટે છે. ખરેખર, આ વૃક્ષો જ પૂરાં પરોપકારી છે. એમને ધન્ય છે. હે મારા મન! તને માણસનો દેહ મળ્યો એ વ્યર્થ છે. વૃક્ષ જેટલી પણ ભલાઈ તું બતાવતો નથી.'

કાકા. કાલેલકર.

30) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [4]

મુદ્દા :- એક મુસાફરનું ચાલતાં, ચાલતાં થાકી જવું – થાક દૂર કરવા આંબાના ઝાડ નીચે આડા પડવું – મુસાફરે વિચાર્યું ઈશ્વર મૂર્ખ છે. વેલ નાની ને એના ઉપર કોળા જેવું મોટું ફળ! જ્યારે વૃક્ષ મોટુંને એની ઉપર કેરી જેવું નાનું ફળ! આમ કરતાં તે ઊંઘી ગયો. – એક કેરી પવનને લીધે તૂટીને માથા પર પડી. – ઊંઘ ઊડી ગઈ – ઈશ્વરી યોજનાનું રહસ્ય સમજવું – શીર્ષક – બોધ.

31) તમારી શાળામાં યોજાયેલ 'રમતોત્સવ' નો અહેવાલ આશરે 100 (એકસો) શબ્દોમાં લખો. [4]

32) નીચે આપેલી પંક્તિઓનો વિચાર–વિસ્તાર કરો. [4]

ઊંચી નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,

ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.

અથવા

પ્રતિજ્ઞા વિનાનું જીવન, પાયા વગરની ઈમારત જેવું છે.

33) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. [8]

નારી શક્તિ

મુદ્દા – (પ્રસ્તાવના – સમાજમાં સ્ત્રીઓનું સ્થાન – સ્ત્રી કેળવણી – સમાજમાં સ્ત્રી – પુરુષનાં સમાન અધિકાર – વર્તમાન સમયમાં સ્ત્રીનું સ્થાન – ઉપસંહાર)

અથવા

ઓનલાઈન શિક્ષણનાં લાભ / ગેરલાભ.

મુદ્દા – (પ્રસ્તાવના – ઓનલાઈન શિક્ષણથી થતાં ફાયદા – ગેરફાયદા – ઉપસંહાર)

અથવા

હોસ્પિટલની મુલાકાત.

મુદ્દા – (પ્રસ્તાવના – હોસ્પિટલમાં જવાનું કારણ – હોસ્પિટલનું વર્ણન – દર્દીઓની સ્થિતિ – ઉપસંહાર)

♠♠♠♠